## જન્મદિને વધામણી



ભવ્ય શૈલેષ ચૌહાણ
મો. ૯૫૭૪૫ ૬૪૯૫૬



શ્રીમતી શકુંતલાબેન પ્રતાતસિંહ રાઠોડ
પૂર્વ મહામંત્રી શહેર કોંગ્રેસ
પ્રમુખ પ્રશાંત ચેરીટેબલ ટ્રસ્ટ
મો. ૯૭૨૩૩૪૯૭૨૧



રશ્મીકુંવરબા છત્રસિંહ ચૌહાણ



ઈંદુબેન દવે
પૂર્વ. લાયોનેસ પ્રમુખ



મગનભાઈ ગંગારામ પટેલ
મો. ૯૫૭૪૫ ૬૪૯૫૬

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજ દ્વારા 'એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન' સર્ટીફીકેટ કોર્સનું સમાપન





ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ માં ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો હતો. જેની બે બેચ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ તૃતીય બેચ માટે વિદ્યાર્થીઓ એ ઉત્સાહ બતાવતા સંસ્થા દ્વારા દ્વિતીય બેચ ખુબ ટૂંકા સમય માં શરુ કરવા માં આવી જેમાં હાલ ૨૦ વિદ્યાર્થીઓ જોડાઈ ચુક્યા છે.તેમજ અનેક વિદ્યાર્થીઓએ જોડાવા માટેની ઉત્સુકતા દર્શાવી છે. દ્વિતીય બેચના વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ આચાર્યશ્રી ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો..તેઓએ વિદ્યાર્થીઓને સાંપ્રત સમયની માંગ મુજબનો સર્ટીફીકેટ કોર્સમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા તેમજ સમગ્ર કોર્સ સફળતા પૂર્વક પૂર્ણ કરી એક્સપોર્ટ તેમજ ઈનપોર્ટ બાબતે તમામ પ્રોસીઝર અને ડોક્યુમેન્ટેનશન નું સંપૂર્ણ જ્ઞાન મેળવવા બદલ બિરદાવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ આ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓ ને વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્કૃષ્ટ તાલીમ તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે.તેવી શુભકામના પાઠવી હતી.પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા એકસપોર્ટ ડોક્યુમેન્ટેશનની મહત્તા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. આ કોર્સમાં તાલીમ આપવા આવનાર તજજ્ઞ લોકોનો વિદ્યાર્થીઓ મહત્તમ લાભ ઉઠાવે તેમ તેઓએ જણાવ્યું હતું.આજના યુગમાં વિદ્યાર્થીઓ એ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મુકવો જરૂરી બન્યો છે.

ત્યારે મેનેજમેન્ટનો વિદ્યાર્થી સફળતા ત્યારેજ હાંસલ કરી શકે જયારે તેમનામાં ધંધાકીય કાર્યોના દરેક ક્ષેત્રે નિપુણતા કેળવેલ હોય. સાંપ્રત સમયમાં ભારતના અર્થતંત્રમાં ધરખમ ફેરફારો જણાઈ રહ્યાછે.તેમજ વિદેશ વ્યપાર નીતિ દ્વારા અર્થતંત્ર મજબુત કરવાના દેશના પ્રયાસોમાં અત્રેની કોલેજ દ્વારા એક્સપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશનનો કોર્સ શરુ કર્યો. કારણકે આગામી દિવસોમાં એક્સપોર્ટ-ઈનપોર્ટ એક્ટીવીટી ને લગતા ધંધાકીય ક્ષેત્રના અલગ-અલગ કાર્યો માટેની નિપુણ અને જ્ઞાનકૌશલ્ય વર્ધક મેનપાવરની તાતી માંગ ઉભી થનાર છે.આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓની "કોન્પીટન્સી" ડેવલોપ થશે જે તેઓના નોકરી મેળવવા તેમજ ધંધાકીય એકમની સ્થાપના કરવામાં ખુબ ઉપયોગી સાબિત થશે. તજજ્ઞ વ્યખ્યાયતા દ્વારા ઉપરોક્ત ક્ષેત્રે કારકિર્દી ની ઉજવવળ તકો માટે તેમજ ઉપરોક્ત વિષય બાબતે ઊંડો અનુભવ ધરાવે છે.

તેઓએ વિદ્યાર્થીઓ ને સંબોધતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ ઉપરોક્ત ક્ષેત્ર માં કોલજ દ્વારા આપવા માં આવેલ ઉજ્જવળ તક નો સદુપયોગ કરે અને શ્રેષ્ઠ કારકિર્દી નું ઘડતર કરે. કાર્યક્રમ નું સંચાલન કોર્સ કોઓર્ડીનેટર ડો.આશિષ ભુવા દ્વારા કરવા માં આવ્યું હતું. અનુષ્કા તિવારી પ્રથમ ક્રમાંકે તેમજ કુંજ ત્રિવેદી દ્વિતીય,તૃતીય ક્રમાંકે યુગ ચાવડા રહ્યા હતા. તેઓએ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું. કે બીબીએ જેવી પ્રોફેશનલ ડીગ્રી સાથે ઉપરોક્ત કોર્સ કરવા થી વ્યવસાયિક જીવન માં નવી રાહ મળી જેના આધારે કારકિર્દી ની વિશાળ તકો નું સર્જન થશે. જયારેઅન્ય તેજસ્વી વિદ્યાર્થીઓ વૈભવી વાઘેલા તેમજ સુરભી નીબાર્ક દ્વારા પણ પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે કોલેજ દ્વારા શરુ કરવા માં આવેલ કોર્સ થી અમે જ્ઞાનવાર્ધિત થયા છીએ. જે અમારા માટે જીવનપર્યંત ઉપયોગી રહેશે.

સમગ્ર સર્ટીફીકેટ કોર્સ બાબતે કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના તેમજ ડો. આશિષ ભુવા દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવા માં આવી હતી.

# સેફ્રોની ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજ જીટીયુની પરીક્ષામાં ગાંધીનગર ઝોનમાં પ્રથમ




ગાંધીનગર, તા. ૩

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીની સેમિસ્ટર-૨ ના પરિણામોમાં, સેફ્રોની ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજે ગાંધીનગર ઝોનમાં જ્વલંત સફળતા મેળવેલ છે, જેમાં ડિપ્લોમાં મિકેનીકલ અને સિવિલ એન્જીનીયરીંગનો ગાંધીનગર ઝોન માં પ્રથમ ક્રમાંક છે, અને ઓટોમોબાઈલ એન્જીનીયરીંગમાં દ્વિતીય રેન્ક પ્રાપ્ત કરેલ છે. સંસ્થાના ડિપ્લોમા કોલેજના પ્રિન્સીપાલ પ્રોફેસર શ્રી. એમ. એ. પટેલ, ટ્રસ્ટીશ્રી અને પ્રાધ્યાપકો એ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં આવીજ જ્વલંત સફળતા પ્રાપ્ત કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

## આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૩

આનુવાંશિક રોગથી પીડાતા દર્દીઓને પદ્ધતિસરની સારવાર મળી રહરે તે માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની રાજય શાખા અને ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે તા. ૩૦મી જુલાઈથી ત્રણ દિવસ માટે થેલેસેમિયા કેમ્પનું આયોજન કર્યું હતું. આ કેમ્પમાં ૩૦૦ આઈ.આઈ.ટી., બી.ટેક, એમ.ટેક., યુ.જી., બી.એસ.સી વગેરે વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો સાથે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. દીપા મેડમે વિદ્યાર્થીઓને તપાસી જરૂરી સારવાર આપી અને રેડક્રોસ સોસાયટીનાં રાજય સાખાના મૃગેશભાઈ સોલંકી અને પ્રણવ રોહિત તથા ગાંધીનગર શાખા ચેરમેન જીલુભા ધાંધલ, મઘનભાઈ કાકડિયા તથા અશ્વિનભાઈ દવે હાજર રહી કાર્યક્રમને લગતી સુવિધા અને વ્યવસ્થા પૂરી પાડી હતી.

## ગવર્મેન્ટ જોબ માટેની પરીક્ષાઓ તૈયારી કરવી કેવી કરવી?

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, દેહગમ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

૧. હું હાલમાં એન્વાયરોંમેંટલ એંજીન્યરિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરું છું. આગળ યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસની પરીક્ષા આપવી છે. પ્રિયજનોની સલાહ છે કે પરીક્ષા ખૂબ કઠિન હોવાથી બીજો કોઈક વિકલ્પ શોધવો જોઈયે. આપનો અભિપ્રાય આપવા વિનંતી. સિવિલ સર્વિસિસની પરીક્ષા એક સામાન્ય વ્યક્તિ કરી શકે છે?

- મમતા, અમદાવાદ

તમે સિવિલ સર્વિસિસની પરીક્ષા ચોક્કસ પાસ કરી શકો છો. કોઈ પણ વિદ્યાર્થી જેની અંદર મક્કમતા અને મેહનત કરવાની ક્ષમતા છે તે વિદ્યાર્થી સિવિલ સર્વિસિસની પરીક્ષા પાસ કરી શકે છે. પ્રિયજનો તમારા સારા માટેજ સલાહ આપતા હોય છે પણ તમે જો મેહનત કરવા માટે મક્કમ હોવ તો આ પરીક્ષા ચોક્કસ પાસ કરી શકશો. એંજીન્યરિંગનો અભ્યાસ અને યુ.પી.એસ.સી. ની તૈયારીનું ચોક્કસ પ્લાનિંગ કરશો તો સફળતા મળશે. સિવિલ સર્વિસિસના વિષયોનું સિલેક્શન અત્યારથી કરી તે દિશામાં મેહનત કરજો. યાદ રાખજો, દુનિયામાં કોઈપણ લક્ષ્ય હાસિલ કરવું અશક્ય નથી. ઓલ ધી બેસ્ટ.

૨. હું બી.બી.એ.ના પેહલા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની છું. સી.ડી.એસ. અને એમ.બી.એ.ની પરીક્ષા વચ્ચે મૂંઝવણ છે. મારી ઈચ્છા સી.ડી.એસ.ની છે. આપની સલાહ આપવા વિનંતી છે.

- ઋચા, ગાંધીનગર

ઋચા બંને વિકલ્પ સારા છે. સી.ડી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી તમે લશ્કરી દળોમાં ઓફિસર તરીકે ફરજ બજાવી શકો છો. એમબીએ કર્યા પછી પણ ખુબજ સારું કરિયર બની શકે છે. એમ.બી.એ. કરો તો કોઈ પ્રખ્યાત કોલેજમાંથી કરશો તો વધુ ફાયદો થશે. તમને સી.ડી.એસ.માં વધારે રસ છે તો તમે એ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો. મહિલાઓને ઓફિસર ટ્રેનિંગ એકેડમી (નોન ટેકનિકલ)માં એન્ટ્રી મળતી હોય છે. પરીક્ષા પાસ કર્યા પછી સર્વિસ સિલેકશન બોર્ડ (એસ.એસ.બી.) પણ પાસ કરવું જરૂરી છે. તેથી તમારી મેડિકલ અને મેન્ટલ ફિટનેસ પર અત્યારથી જ ધ્યાન રાખજો. ઓલ ધી બેસ્ટ.

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

૩. હું અત્યાર એક પ્રાઈવેટ કંપનીમાં જોબ કરું છું. એંજીન્યરિંગનો અભ્યાસ કર્યો છે. મારે ગવર્નમેંટ જોબ માટેની પરીક્ષાઓ આપવી છે પણ તૈયારી કરવા સમય નથી મળતો. કેવી રીતે પરીક્ષા માટે તૈયારી કરવી?

- રવિ, ગાંધીનગર

રવિ તમારી સમસ્યા ખૂબજ સામાન્ય છે. મોટાભાગના વર્કિંગ એક્સેકુટિવને આ સમસ્યા હોય છે. આનું નિરાકરણ ખૂબ સરળ છે. ટાઈમ મેનેજમેંટ. તમે જે પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છો તેના માટે તમારે દિવસમાં ૨-૩ કલાક ફાળવવા પડશે. તમારા આખા દિવસના શિડ્યુલમાં માત્ર ૨-૩ કલાકનો સમય પરીક્ષાની તૈયારીને આપો અને તમે સફળતા તરફ આગળ વધશો. તમારે દરેક ક્ષણનો સદુપયોગ કરવાનો છે. જ્યારે પણ સમય મળે ત્યારે વાંચી લેવું. તમારો આખો દિવસ, અઠવાડિયું અને મહિનો વ્યવસ્થિત પ્લાન કરો અને તે પ્લાનિંગને અમલમાં મૂકો. આમ મહત્વની વાત એ છે કે સમયનું મેનેજમેંટ કરવું પડશે અને જો તમે કરશો તો તમે ચોક્કસ ગવર્નમેંટ જોબ મેળવવામાં સફળતા મળશે. ઓલ ધી બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલૈ ઙ્ગ, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો What's aap કે Email દ્વારા પૂછી શકો છો.

ઈmail-ID : questions.careercorner@gmail.com
(M) ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩,

નોંધ - તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, ઈmail-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો ૧૦મો સ્થાપના દિન ઉજવાયો



ગાંધીનગર, તા.૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૦મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયા, કુલસચિવ કમલામણીબેન રાવ, હિસાબી અધિકારી આર.જે. શાહ, અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય બાદ સમુહમાં યુનિવર્સિટી ગીતનું ગાન કરાયું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી. પ્રોફેસર ડૉ. જીજ્ઞેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું કુલપતિ ડૉ. કે. એસ. લિખિયાએ આર્શવચન પાઠવ્યા હતા તેમજ આ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# શ્રી પી. કે.મ ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં મોટીવેશનલ વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને તેમની આંતરિક શકિતઓને જાગૃત કરવા સંવાદ દ્વારા સેતુ યોજી તેમની શકિત અને સામર્થ્યને ઓળખાવવા માટે મનોજ શુકલનું 'પાંખ તમારી આકાશ કોલેજનું' વિષય પર મોટીવેશનલ વ્યાખ્યાન યોજાયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મનોજ શુકલનો શાબ્દિક પરિચય ડૉ. લીના સ્વાદિયા-રાણાએ કરાવ્યો હતો. સૂતરની આંટીથી ચૌધરી રીંકલે અને પુસ્તક આપીને ચૌધરી માયાએ સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે આદાન-પ્રદાન દ્વારા તેમનામાં રહેલી સુષુપ્ત શકિતનો પરિચય વ્યાખ્યાતાએ કરી બતાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કુ. ચૌધરી પિનલે કરી હતી. કાર્યક્રમના આયોજનથી અંત સુધી પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને પ્રા. મુન્નાબેન ચૌધરીનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# શ્રીમતી આર. સી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાયન્સ સેમિનારમાં

## નિસર્ગ સાયન્સ સૅન્ટર ગાંધીનગર ખાતે નૅશનલ સૅમિનાર યોજાયો હતો

ગાંધીનગર, તા.૩

નિસર્ગ સાયન્સ સોન્ટર ગાંધીનગર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૮ યોજાયો હતો. જેનો વિષય 'ચોથી ઔદ્યોગિક ક્રાંતિ-શું આપણે તૈયાર છીએ' હતો. જેમાં શ્રીમતી આર.સી. પટેલ સ્કુલના વિદ્યાર્થી સાધુ હેત સતીષભાઈ અને મિસ્ત્રી નિતિન નારાયણભાઈએ ભાગ લીધો હતો. માર્ગદર્શક શિક્ષક હિતેન્દ્રભાઈ પટેલ હતા. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી વધી હતી તેમજ વિદ્યાર્થીઓએ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થીની બહેનો બી. એડ. કોલેજની મુલાકાતે



ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ધો-પની તમામ ૨૦૦ વિદ્યાર્થીની બહેનોએ શાળાના કેમ્પસમાં આવેલ એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનની લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. જેમાં વિદ્યાર્થીની બહેનોએ લાયબ્રેરીનું મહત્વ, વાંચન, પુસ્તકની સંખ્યા વગેરેની ઊંડાણપૂર્વક સમજ સુરજીતભાઈ અને દક્ષાબેન પટેલે આપી હતી. આ મુલાકાતનું આયોજન વિષ્ણુભાઈ પટેલ, નિમિષાબેન પટેલ તેમજ દક્ષાબેન પટેલે કર્યું હતું.